Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

दीक्षार्पिता मत्यर्ह ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ફાગણ


પુસ્તક ૭૭ મું
અંક ૫
૧૫ મી ફેબ્રુઆરી

વીર સં. ૨૪૮૭
વિ. સં. ૨૦૧૭
ઇ. સ. ૧૯૬૧


☆ ☆

दन्तसोहणमाइस्स,
अदत्तस्स विवज्जणं ।
अणवज्जेसणिज्जस्स,
गिण्हणा अवि दुक्करं ॥ ५ ॥

દાંત ખોતરવાની સળી જેવી તુચ્છ વસ્તુને પણ માલિકને વગર પૂછયે યા માલિકે વિના આપ્યે આણી હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ; તો પછી મોટી મોટી વસ્તુઓની તો શી વાત? સંયમીએ પોતાને ખપે એવી નિર્દોષ નિર્દોષ વસ્તુઓને શોધી શોધીને લેવી એ ભારે દુષ્કર છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ફાગણ | વીર સં. ૨૪૮૭ વિક્રમ સં. ૨૦૧૭

## શ્રી મહાવીર જિન સ્તવન

(રાગ–મેરા મન ડોલે મેરા તન ડોલે)

ભૂલે ના ચિત્ત ડોલે મુજ મનસે વીરકી યાદ રે
(મુજે) બતાદો મુક્તિ મંદીરીયા...

આજ ઔર કીસી જગહપે મોક્ષ નગરકી હવેલી
ા આત્માકો કરમનસે કયા છોડ અકેલી
ડોલે જગકે હિંડોલે–કરે વીર વીરકી પુકાર રે....

પગ જગકી ઠોકર ખાતા કરમનકે રંગ દિખાયા
જાય ઇસ ઝંઝટસે એ દિન સુનહરા ન આયા
જલે જનમ જાય ટલે ફીર વીરકી જય જયકાર રે....

રચયિતા :
સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સામાન્ય જિન સ્તવન

(રાગ–તું ગંગાકી મોજમેં જમનાકી ધારા)

તું ચંદા જિનરાજ મેં જ્યોતિકી ધારા
હો સદાકા મિલન યહ હમારા તુમારા.
અગર તું હૈ સાગર તો જલધાર મેં હું,
તું હૈ તારક તો તરનાર મેં હું (૨),
હિલેગી ચલેગી ન હમસે યે નૈયા,
કરૂંગી ન મંઝીલ તુમે બીન ખેવૈયા;
હમે તારોજી હમે તારોજી હમે તારો ભક્તિકા દેકર સહારા....તું ચંદા૦ ૧

ભલા કૈસી મિલેગી મુક્તિકી સૈયા (૨),
લુટાતી નહિ જ્યોતિસે જ્યોતિ મિલકે,
છુટોગે પ્રભુજી તો છુટને ન દેંગે,
લબ્ધિકી લહેરોંકો તુમસે હી લેંગે;
છોડેંગે હમ છોડેંગે હમ છોડેંગે મુક્તિકા લેકર કિનારા. તું ચંદા૦ ૨

(૨)

(રાગ–બચપનકી મહોબત કો)

જિનવરજી! મેરી ભક્તિ, મંઝુરકી મહેર કરના;
જબ યાદ તેરી આતી, મિલનકો ચિત્ત મેરા. ૧

અધીર હી બન જાતા, ચિત્તમેં હી ઉભરાતી;
વિયોગી વેદનાઓ, ખૂટી નહિ જાતિ હો. ૨

વો કમ કીયે જાના હો, દરશનકી કૃપા કરના;
આ જન્મ તુમેરા હી હૈ, ગીત અહનિશ ગાઉંગા. ૩

અરજી મેં પ્રભુ અપની, ગા ગા કે સુનાઉંગા;
આનંદ કમલ લબ્ધિ, હમકો હી દયા કરના. ૪

—પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ–ખંભાત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નેમ જિન સ્તવન

(રાગ–સાબરમતી કે સંત તુને કમાલ કર દીયા)

મોહમંદિરમાં જઇ મોહને, દીધો માર બેસુમાર.
યાદવપતિ નેમ તમને, વંદુ વારંવાર.
હતી રાજકન્યા રૂપવતી તમને ચાહનાર,
યાદવપતિ નેમ તમને વંદુ વારંવાર૦ ૧

નવભવ કેરી પ્રીત હતી હતો અખૂટ પ્યાર,
રાજુલ વલવલતી વહેતી આંખડી ચોધાર,
શ્વસુર દ્વારે પહોંચી સુણ્યો પશુતણો પોકાર,
રથ ફેરવીને ચાલ્યા ગઢગિરનાર
આપ દયાનિધાન અસીમ કરૂણાધાર. યાદવપતિ નેમ૦ ૨

આપ ભાભીઓ સાથે થયા જલક્રિડાના કરનાર,
પાણી અને પુષ્પતણો માર સહનાર,
ભાભીએ માર્યાં બાણ મર્મ ઉર વિંધનાર,
આપને ઉપન્યું હાસ્ય જે કદી ન હસનાર,
સકલ સમુદાયે કર્યાં હર્ષના પોકાર. યાદવપતિ નેમ૦ ૩

ઢોલ નગારા અને શરણાઇતણા સૂર,
જાનૈયા હતા સર્વે આનંદમાં ચકચૂર,
ઢોલ પડ્યા બંધ રોતી શરણાઇ બેસૂર,
ઓટ આવી હર્ષની ભર્તીમાં ચારેકોર,
કહેતી રાજુલ વાલમ સુણો હું છું બેકસૂર. યાદવપતિ નેમ૦ ૪

પશુતણી દયાને દીલ ધરનાર,
મારી દયા કેમ નથી આવતી લગાર,
બન્ને સાથે કરશું મુક્તિની સફર
સમજ્યા હશો આપ ન કો ઉંચે પકડનાર
એમ સમજીને વસ્યા ગઢ ગિરનાર
ચોરી એથી ભાગ્યા જો થઇને તમે ચોર
કેડીયે તમારી આવી સ્થાપો શીરે કર
યાદ રહેશે હું એ મળી માથા ભારે નાર. યાદવપતિ નેમ૦ ૫

રચયિતા–**શ્રીમતિ સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૩૧

ત્રિપૃષ્ઠે લડાઈ પહેલાં પોતાની શક્તિથી કેટલાંક ખાસ લડાયક શસ્ત્રો અને સાધનો મેળવ્યાં હતાં અને લડાઇમાં એણે એનો પૂરતી છૂટથી ઉપયોગ કર્યો હતો. એણે એક શાઙર્ગ નામ અપાયેલ ધનુષ્ય જ એવું પ્રબળ બનાવ્યું હતું કે કાચાપોચા તો એને ઉપાડી પણ શકે નહિ અને એના ટંકાર માત્રથી નબળાંપોચાંનાં તો હાડ ધમધમી જાય અથવા વ્યવહાર ભાષામાં કહીએ તો ગર્ભવતીના ગર્ભ છૂટી જાય. આખી લડાઈમાં આ પ્રબળ ધનુષ્યનો એ ચાલુ ઉપયોગ કરી રહ્યો હતો અને એના હાથમાં એ ધનુષ્ય સાથે એ રણ ખેડતો હોય ત્યારે એની પ્રત્યેક ગતિ જોનારને અચંબો ઉપજાવતી અને જોનાર પાસે 'વાહ વાહ' શબ્દોનો ઉચ્ચાર વગર સૂચને ઉદ્‌ગાર રૂપે કરાવતી. એની ગતિમાં અને ધનુષ્યના ઉપયોગમાં, એના રણકારમાં અને એને વાપરવાની પદ્ધતિમાં અસાધારણ ચપળતા અને અપૂર્વ કુશળતા દેખાઈ આવતા હતા. એણે એક કૌમુદિકી નામની ગદા તૈયાર કરી હતી, એ તોલમાં એટલી ભારે હતી કે એને કાચાં પોચાં તો ઉપાડી પણ શકે નહિ. એનો પાંચજન્ય શંખ એ ફૂંકે ત્યારે નબળા સબળા લડવૈયાને પણ શુરાતન ચઢે એવું એના સૂરમાં બળ હતું અને એની પાસે નંદક નામની તરવાર (ખડ્ગ) હતી તે બન્ને પાસે ધારવાળી હોઈ સાધારણ તરવારથી બેવડા જાડા પણ અત્યંત તીવ્ર પાસા (ફલક) વાળી હતી. એને પહેરવા માટે એક વનમાળા મળી હતી એ અત્યંત આકર્ષક હતી અને એની છાતીને એ અલંકરે ત્યારે એના લશ્કરી દેખાવમાં ભારે દમામ પૂરાતો હતો. એ સર્વની ઉપર મુકુટ સ્થાને વચ્ચે મૂકવા માટે એને કૌસ્તુભ મણિ પ્રાપ્ત થયો હતો, એનું તેજ સામાને મુંઝવી નાખે તેવું હતું. આ શાઙર્ગ ધનુ, કૌમુદિકી ગદા, પાંચજન્ય શંખ, કૌસ્તુભ મણિ, નંદક ખડ્ગ અને વનમાળાનો ઉપયોગ અવારનવાર કરતા. જ્યારથી અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠને જોયો ત્યારથી એના મનમાં ઊંડો ઊંડો ભય તો પેદા થઇ જ ગયો હતો અને તેને પહોંચી વળવા તેણે હવે પોતાની સર્વ શક્તિનો ઉપયોગ તેની સામે કરવા વિચાર કર્યો હતો.

દરમ્યાન અચળ ભ્રાતા પણ ભારે લડાઇ લડી રહ્યો હતો. એની પાસે એક સંવર્તક નામનું હળ હતું અને અતિ ચાપલ્યથી એ આખા દળને સામી બાજુએ ફેંકે ત્યારે એક સાથે સેંકડો માનવીના ચૂરા કરી નાખે તેટલો તેનો ભાર હતો, અને અચળ તેનો ઉપયોગ છૂટથી કરી શકતો હતો. તેની પાસે એક મુશળ (સાંબેલું) હતું. એ સાંબેલું એ ફેંકે ત્યારે સામાની ગમે તેવી તરવારના કે ભાલાના ભુક્કા ઉડાવી દે એટલું તેમાં જોર હતું. એ મુશળને એણે સૌનંદ નામ આપ્યું હતું. અને તે ઉપરાંત તેની પાસે ચંદ્રિકા નામની ગદા હતી, એ પણ ભારે બળવાન શસ્ત્ર હતું. જો કે એનો તોલ કે આકાર ત્રિપૃષ્ઠની કૌમુદિકી ગદા જેટલો નહોતો, તો પણ એ ઘણી ઉપયોગી ચીજ હતી અને એનો ઉપયોગ અચળ એવી સરસ રીતે લડાઇ દરમ્યાન કરતો કે લોકો તો આ સર્વ શસ્ત્રો દેવતા અધિષ્ઠિત હોય એમ કહેતા હતા. તે યુગમાં જે વાત અસાધારણ બુદ્ધિ શક્તિ કે આવડતથી થઇ હોય, જે વસ્તુ સામાન્ય પ્રાકૃત માણસને અપ્રાપ્ય હોય, જેનો ઉપયોગ હાલીમવાલી કે ચાલતા માણસો કરી શકતા ન હોય તે વસ્તુને 'દિવ્ય' દેવતાધિષ્ઠિત ગણવાનો રવૈયો હતો. જ્યાં જ્યાં દિવ્ય વિશેષણનો પ્રયોગ એવા એવા સ્થાને જોવામાં આવે ત્યાં સામાન્ય જનતાને ચાલુ રીતે ન મળી શકે અને જેનો ઉપયોગ ગમે તે માણસને ન આવડે તેવી ચીજ એમ સમજાય છે. અચળ પણ લડાઇમાં પોતાના આ અસાધારણ શસ્ત્રોનો સારી રીતે ઉપયોગ કરી રહ્યો હતો. આવા આકરા લડાઇના પ્રસંગોમાં બંને ભાઇઓએ જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિ કૌશલ્ય અને શારીરિક સ્વાસ્થ્ય અને બળ બતાવ્યાં તેથી અશ્વગ્રીવને ખાતરી થઈ કે આ લડાઈ પોતે ધારતો હતો તેવી સહેલી કે નજીવી નહોતી. એણે પોતાના પક્ષના વિદ્યાધરોને નાસતા જોયા, એણે પોતાના લશ્કરમાં ભંગાણ પડતું જોયું. એટલે એણે ચક્રને યાદ તો કર્યું, પણ તેનો ઉપયોગ કરવા પહેલાં એણે પોતાની શક્તિનો અને પોતાના શસ્ત્રનો ઉપયોગ હવે ત્રિપૃષ્ઠ ઉપર કેંદ્રિત કર્યો. એણે જોઈ લીધું કે સામા સૈન્યમાં ઘણા બહાદુર લડવૈયા છે. કેટલાકોની પાસે ભારે વૈજ્ઞાનિક શસ્ત્રો છે, પણ તે સર્વમાં ત્રિપૃષ્ઠની લડવાની પદ્ધતિ અને ધનુષ્યકળા, વ્યૂહ રચનાની ગોઠવણ અને નિશાન તાકવાની કળા આબાદ છે, સર્વથી ચઢી જાય તેવી છે અને જો તેને હઠાવવામાં કે હરાવવામાં આવે તો પોતાનો જય નિશ્ચિત છે. અશ્વગ્રીવ પોતે પ્રભાવશાળી બહાદુર લડવૈયો હતો, એને ભારતના ચક્રી થવાના કોડ હતા અને અત્યારે સોળ હજાર મુકુટબદ્ધ રાજા ઉપર એની આણા ચાલતી હતી. એણે પોતાની ભૂલ જોઈ, એણે પોતાનું પૂરતું બળ આ યુદ્ધમાં એકઠું ન કરવામાં કરેલી બેદરકારી સમજી લીધી, એણે શત્રુની તાકાતનું અલ્પ મૂલ્ય કરવાની પોતાની ભૂલ જાણી લીધી, પણ આ મોડે મોડે આવેલું ડહાપણ હવે નકામું હતું હવે તો ઠેઠ સુધી લડયે જ સિદ્ધિ હતી. અને એની પાકટ વય છતાં એ યુદ્ધ રસિક, વગર સંકોચે કાપાકાપી કરનાર અને પૂરતી છૂટથી રણમાં ઘૂમનાર હતો.

જ્યારે અનેક પ્રયોગમાં અશ્વગ્રીવ ફાવ્યો નહિ ત્યારે એણે અંતે પોતાના ચક્રનું સ્મરણ કર્યું. મોટા ચક્રવર્તીને ચક્રરત્ન ઉત્પન્ન થાય છે. એ ગોળ હોય છે, એની બાજુએ ફરતી ધાર એવી હોય છે કે એ ફરતી તરવારની ગરજ સારે. એમાં આરા હોય છે. એ ગોળ ગોળ ફરતું જઈ, સામાની ડોકને જુદી કરી પાછું પોતાની ગતિએ ચક્રીના હાથમાં આવે છે. આવા ચક્રનો ઉપયોગ બહુ જવલ્લે જ કરવામાં આવે છે પણ એનો ઉપયોગ થાય ત્યારે એ અફર હોય છે, સામાનું માથું લઈને જ એ પાછું આવે એટલું ચક્રીનું બળ તેને ચલાવવાને અંગેનું હોય છે અને એની બનાવટ ખાસ પ્રકારની હોઈ એ જેની પાસે હોય તેને એ ખૂબ મોટી સત્તા પ્રાપ્ત કરાવે છે. પ્રતિવાસુદેવને પણ એવું ચક્ર પ્રાપ્ત થાય છે, પણ એ અણીને વખતે કામ આપતું નથી, એને જ્યારે પ્રતિવાસુદેવ છેવટના ઉપાય તરીકે વાસુદેવ ઉપર મૂકે છે, ત્યારે એની પ્રયોગ શક્તિમાં ભૂલ થઈ જાય છે એટલે એ શસ્ત્ર વાસુદેવની ડોક કાપવાને બદલે વાસુદેવના હાથમાં જઈ પડે છે અને એ જ શસ્ત્રથી પ્રતિવાસુદેવનો શિરચ્છેદ થાય છે. કારણ કે એનો ઉપયોગ તો વાસુદેવને પણ આવડે છે. આ રીતનું અને આવા પ્રકારનું ચક્ર એ આયુધની પરાકાષ્ઠા તે યુગમાં ગણાતી અને એના પ્રયોગ ઉપર પ્રતિવાસુદેવનું જોર ઝઝૂમતું. પોતાના રથના થયેલ નાશથી, ગદાના ભંગથી અને ધ્વજાના પતનથી હવે અશ્વગ્રીવ પ્રતિવાસુદેવે પોતાના ચક્રને યાદ કર્યું. તે તેના નવા રથમાં તૈયાર જ પડ્યું હતું.

ચક્રરત્નને પોતાના ત્રીજા રથમાં તૈયાર રાખી અશ્વગ્રીવ જાતે આગળ વધ્યો. આ વખતે ત્રિપૃષ્ઠ પણ એના પૂર બહારમાં લશ્કરમાં ઘૂમી રહ્યો હતો. અશ્વગ્રીવના બે બે રથો તો અત્યાર સુધીમાં એણે ભાંગી નાખ્યા હતા એટલે એને પોતાના વિજય માટે શંકા નહોતી. એને ચક્રના સમાચાર વિગત સાથે મળ્યા હતા. એની કૃતિ આકૃતિ અને એનો ઉપયોગ કેમ થાય છે તે જાણી લીધેલ હોઈને એનો ઉપયોગે થાય ત્યારે એને કેવી રીતે ચૂકવવું એનો એણે મહા વૈજ્ઞાનિક જ્વલનજટી સાથે મળીને નિર્ણય કરી લીધો હતો. એને પણ લશ્કરની કાપાકાપી અને લોહીની નદીઓનો કંટાળો આવ્યો હતો અને લાગ જોઈ એ અશ્વગ્રીવનો વિનાશ કરી વિગ્રહનો અંત લાવવા ઇચ્છતો હતો. અશ્વગ્રીવ પણ પાકો યોધ્ધો હતો અને એને પોતાની શક્તિ આવડત અને કળા માટે અભિમાન હતું. એને ઘણી લડાઈનો અનુભવ હતો અને મોડે મોડે એને પોતાની ભૂલ સમજાણી હતી કે પોતે પૂરતું લશ્કર લાવેલ નથી અને પોતે ખીણમાં લશ્કરને રાખીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનો ઘાણ કઢાવી રહ્યો છે. ત્રિપૃષ્ઠના લશ્કરને રથાવર્ત પર્વતનો મોટો ટેકો હતો. અનેક દિવસ આ રીતે યુદ્ધ ચાલ્યા પછી અને લશ્કરનો મોટો સંહાર થયા પછી અશ્વગ્રીવે જોયું તો તેને જણાયું કે પોતાના લશ્કરનો નકામો સંહાર થતો જાય છે અને પ્રમાણમાં ત્રિપૃષ્ઠના લશ્કરનો ઘણો ઓછો નાશ થાય છે. એટલે આજે તો એણે જાતે જ ત્રિપૃષ્ઠ સામે ઊતરવાનો વિચાર કર્યો અને ચાલી રહેલી ખૂનરેજી જોતાં એને જાતે લડાઈમાં ઊતરવા સિવાય બીજો માર્ગ ન દેખાયો. જ્યાં સામાના સોને મારવા માટે પોતાના દશવીશ હજારનો ભોગ આપવો પડે અને જ્યાં પોતાના પટાવતોના લશ્કરને આવી પહોંચવાનો સમય ન હોય ત્યાં જાતે ઊતરવા સિવાય બીજો માર્ગ તેને ન જડયો. એ અત્યંત ક્રૂર, મહાભયંકર અને લડાઇના મેદાનમાં જરાપણ પાછો ન પડે તેવો પાકો લડવૈયો હતો. એને મરતાની ચીચીઆરી કે કાલાવાલા કાંઇ અસર કરતા નહિ. એને માણસનાં માથાં વાઢવાં અને ઘાસ કાપવું એ એક સરખું હતું. એણે આજે લડાઈ શરૂ થતાં ત્રિપૃષ્ઠને સીધો પડકાર કર્યો અને ગાળાગાળી સાથે આહ્‌વાન કર્યું. એણે એના નામ સાથે 'કુતરો' શબ્દ વાપર્યો, એણે એને બેનનો ભાઈ અને બનેવીનો દીકરો કહ્યો, એણે એને વર્ણશંકર પણ કહી દીધો અને એને પોતાની સાથે સીધું લડવા આહવાહન કર્યું. અને પછી કુલાંગાર પ્રજાપતિના દીકરા અને અધમ રિપુપ્રતિ શત્રુની તુચ્છ વાસનાના પરિણામ તરીકે તેને નિર્દેશીને જેવો પોતાની સામે બોલાવ્યો તેવો ત્રિપૃષ્ઠ તો તુરતજ તેની સામે થઈ ગયો, એ પણ આવી તકની રાહ જ જોઇ રહ્યો હતો. એણે તુચ્છ શબ્દનો પ્રયોગ ન કર્યો, ગાળના બદલામાં ગાળ ન દીધી, પણ માત્ર 'ગર્દભગ્રીવ' શબ્દ વાપરી, 'આવી જાઓ' એટલો જ જવાબ આપ્યો, પણ એની આંખમાં ક્ષત્રિય તેજ અને એના હાથની ચાલાકી, હથિયારોનો ઉપયોગ કરવાની કુશળતા અને રણમાં ઘૂમવાની શકિતનો પરચો બતાવવાની તકનો એણે છૂટથી ઉપયોગ કર્યો. ત્રિપૃષ્ઠના અને અશ્વગ્રીવના રથો સામ સામે આવી ગયા. ત્રિપૃષ્ઠ તો ભયને જાણતો નહોતો, એણે આખા જીવનમાં બીકને પિછાની નહોતી, એનામાં ચઢતી યુવાનીનું જોર ધમધમતું હતું. એણે આહ્‌વાન( પડકાર )નો સ્વીકાર કરી અશ્વગ્રીવને પહેલો ઘા કરવા સૂચવ્યું, પણ અશ્વગ્રીવે પહેલો દાવ શરૂ કરવા ત્રિપૃષ્ઠને આગ્રહ કર્યો. ત્રિપૃષ્ટે કાન સુધી ધનુષ્ય ચઢાવી બાણોની મોટી વૃષ્ટિ કરી તેને અશ્વગ્રીવે અરધે રસ્તે સામા બાણોથી કાપી નાખી પછી ત્રિપૃષ્ટે શાર્ઙ્ગ ધનુષ્યનો ઉપયોગ શરૂ કર્યો અને એક પછી એક બાણો છોડવા માંડયાં. તે વખતે નિશાની કરી છડીદાર સાથે ત્રિપૃષ્ટે કહેવરાવી દીધું કે હવે સીધી લડાઇ થાય છે એટલે યોદ્ધાઓએ લડવાની જરૂર નથી. બન્ને બાજુના લશ્કરીઓ આ ત્રિપૃષ્ઠ અને અશ્વગ્રીવ વચ્ચેનું યુદ્ધ જોઇ રહ્યા. બન્નેની લડવાની કળા અને સામે આવતા શસ્ત્રને છટકાવવાની કે કાપવાની યુક્તિ જોઇ આશ્ચર્ય પામતા તેઓ તો આ મહાન યુદ્ધ જોઇજ રહ્યા અને રથકારની રથ ચલાવવાની રીત પર અને તેને માટે અંદરના યોદ્ધાઓની હુકમો છોડવાની કુશળતા પર બધા વારી જવા લાગ્યા. એક બાજુ વીશ વર્ષનો નવજુવાન અને બીજી બાજુ ખાધેલ પીધેલ પાકો યોદ્ધો એમ બન્નેનું જબર યુદ્ધ ચાલ્યું.

( ચાલુ )

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only

# ચિત્ર દર્શન

લેખક—બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"–માલેગામ

ફોટોગ્રાફીક કેમેરા હોય છે તેમાં રહેલ પ્લેટ કે ફિલ્મ ઉપર તેની સામે રહેલી વસ્તુની પ્રતિમા અંકિત થઇ જાય છે. અને તેનું ચિત્ર ત્યાં સ્થિર થાય છે. મનુષ્યની આંખમાં એવી જ યોજના કુદરતે નિર્માણ કરેલી હોય છે. તેને લીધે આપણી નજર સામે જે અનંત વસ્તુઓ આવી જાય છે તેની પ્રતિમાઓ આપણી આંખોમાં અંકિત થઇ જાય છે. અને આપણા આ સ્થૂલ જણાતા જડ શરીર સાથે આપણા સૂક્ષ્મ એવા વૈક્રિય શરીરનો ઘનિષ્ટ સંબંધ હોવાને લીધે તે સૂક્ષ્મ શરીર ઉપર પણ આપણી આંખે જોએલ પ્રતિમા અંકિત થઇ જાય છે. અને આપણું ચંચલ મન એ જણાતી પ્રતિમાઓ સ્થિર કરી આપણા આત્મા સાથે બાંધી નાખે છે. અર્થાત્ જે પ્રતિમાના દર્શન સાથે આપણું મન વધુ પ્રમાણમાં જોડાએલું હોય તે પ્રતિમાનું અંકન સ્થીર સ્વરૂપનું થઇ જાય છે. અને જે પ્રતિમાઓ સાથે આપણું મન કિંચિત પણ જોડાએલું હોતું નથી તે પ્રતિમાની અસર ક્ષણવારમાં ભૂંસાઇ જાય છે. અર્થાત્ જેવો ઘનિષ્ટ કે સૂક્ષ્મ સંબંધ મનનો હોય છે તે પ્રમાણમાં એ પ્રતિમાઓની સારી કે ખોટી અસર આપણા ઉપર થયા વગર રહેતી નથી.

પ્રતિમાનું દર્શન અને સ્થિરીકરણ જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ ઉપર સરખુ જ થાય છે. પણ જ્ઞાનીઓ આપણા આત્માને પોષણ આપે એવી પ્રતિમાઓનું મનથી રસપૂર્વક ગ્રહણ કરી તેને આત્મા સાથે જોડી તેને પોતાના હૃદય સાથે એકરૂપ કરી પોતાના આત્માને ઉંચી કક્ષાએ મૂકી દે છે. સામાન્ય આત્મા તેથી વિરૂદ્ધ વર્તન કરી એવી પ્રતિમા તરફ દુર્લક્ષ કરી આવેલા અવસરને ગુમાવી બેસે છે. કારણ આવા દર્શનમાં એનો રસ હોતો નથી. આ બધું કેમ બને છે એ વસ્તુ આપણે દૃષ્ટાંત દ્વારા સમજી લેવાનો હવે પ્રયત્ન કરીએ.

સીનેમા જોવા લોકો જાય છે. અનેક ઘટનાઓ તેઓ નજરે જુએ છે. તે બધી ઘટનાઓ તેમના મન ઉપર પ્રતિબિંબિત થઇ જાય છે. તેમાના નટ નટીઓની જાણે તેમની સાથે ઓળખાણ હોય એવી રીતે બધાઓ તેમની કલાના વર્ણનો કરવા બેસે છે. તેમના અભિનયનું ગુણગાન તો શું પણ તેઓ તેનું બની શકે તો અનુકરણ કરવા તત્પર પણ બને છે. તેમણે ઉચ્ચરેલા ગાયનો પોતે લલકારતા બેસે છે. એવી રીતે એ નટ–નટીઓના તેઓ ભગત બને છે. આવી રીતે અનંત ઘટનાઓ અને વિચારોનો સંસ્કાર જે માણસોના મન ઉપર થાય અને થતો જ રહે ત્યારે એવા માણસની શી દશા થાય છે તે જુઓ. ઘણા ચોરોએ પોતે ચોર બનવાનું કારણ સીનેમાને બતાવ્યું છે. ભોગવિલાસના બધા પ્રકારો જે માણસ નજરે જુએ તેને પોતે પણ એમ જ કરવાનું મન થાય એમાં આશ્ચર્ય નથી. અને તે પ્રાપ્ત કરવાના સાધનો જ્યારે ન મળે ત્યારે તે મેળવવા માટે નહીં કરવા જેવા કામો કરવાનું મન થાય એ સ્વાભાવિક છે. સીનેમાને તો અનેક નવી નવી યુક્તિઓ યોજી અદ્‌ભુત રમ્ય દેખાવો ઘડવા પડે છે. કારણ એમને તો પોતાના ગજવા તર કરવાની દાનત હોય છે. એઓ કાંઇ ધર્મોપદેશ કરવા બેઠા હોતા નથી. વચમાંથી નીતિના પાઠો આપવામાં આવે છે ખરા, પણ એ કાંઇ એમનો ઉદ્દેશ ન કહેવાય. અને જોનારાઓ ત્યાં કાંઇ નીતિના પાઠો ભણવા માટે આવેલા હોતા નથી. તેઓ તો ઘડીભર છેલછબીલા બની લ્હેર ઉડાવવા આવેલા હોય છે. ત્યારે એ દૃશ્યોનું અંકન એમના મન અને હૃદય ઉપર થઇ અનર્થ પેદા કરે એમાં શી નવાઇ !

પોતાની આંખોદ્વારા મન ઉપર આજે સંસ્કારો પ્રતિબિંબિત થઇ જાય છે. એમાં કોઇ આશ્ચર્ય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવાનું કારણ નથી. જીવનના ઘડતર ઉપર એના પડઘા તો પડે જ જાય છે. અને એ કુસંસ્કારો આપણા જીવનનું અંગ બને જાય છે. હાલમાં દરેક બાબતમાં પોતાના હકની વાતોને આગળ ધરવામાં આવે છે. વિદ્યાર્થીઓ અને નોકરો ગુરુઓનો કે માલિકોનો વિનય અને મર્યાદા ન સાચવે એમાં આશ્ચર્ય પામવાનું કાંઈ કારણ નથી. મતલબ કે, પોતાનું ઇચ્છિત સાધવા માટે શુચિ કે અશુચિ, ઉચિત કે અનુચિત માર્ગ કયો એ જોવાનું કાંઈ કારણ નથી એવી દૃઢ ભાવના કેળવાતી જાય છે, અને વિનય, નમ્રતા, શાંતિ કે સુસંસ્કારિતાનો લોપ થતો જાય છે. એના કારણોમાં કોઈ મુખ્ય કારણ હોય તો તે આપણી સામે બનતા દૃશ્યો જ છે. મોઢેથી જેમ આપણે ખોરાક મેળવીએ છીએ તેમ આંખોદ્વારા આપણા ઘડતર માટેનો ખોરાક મેળવી રહેલા છીએ. અને અજાણતા પણ આપણે પાશવી ગુણોને કેળવી રહેલા છીએ

જેમ આંખના માર્ગે આપણે આપણા મનના સાધન દ્વારા અનેક સંસ્કારો ભેગા કરતા જઇએ છીએ તેમ કાન દ્વારા પણ અનેક ઘટનાઓને આપણે આપણા મન ઉપર અંકિત કરતા રહીએ છીએ. નહીં જોવા અને સાંભળવા લાયક અનંત વસ્તુઓ આપણા આત્માને નીચે ને નીચે ધકેલી રહેલ હોય છે. અને તેના પરિણામ સ્વરૂપે આપણામાં અવિવેક, ઉદ્ધતાઈ, અવિનય, વ્યસનો અને દુર્ગુણો જાગતા જાય તો તેમાં દોષ કોનો ? હાલમાં છોકરાઓ, નવલોહિઆઓ, નવી પ્રજા આવી બગડતી જઈ રહી છે, એમાં જો કાંઈ કારણ હોય તો તે આપણી નિત્ય જણાતી અને સંભળાતી વસ્તુઓ એ જ છે

જ્યાં જુઓ ત્યાં છેલછબીલી અને અંગ પ્રત્યંગોનો કઢંગો દેખાવ બતાવતી નટીઓના ચિત્રો જોવામાં આવે છે. એ જોવા પછી એની પ્રતિક્રિયા શું થવાની ! અમથા જોવાથી શું થવાનું છે એમ જો કોઇ કહેતું હોય તો તે તદ્દન મૂર્ખાઈ જ છે. સંસ્કારો કેવી રીતે આત્મા સાથે જોડાઇ જાય છે એ પ્રત્યક્ષ આંખોથી જોઇ શકાય એવી વસ્તુ નથી. પણ આપણે તેનો અનુભવ કરી શકીએ છીએ, એ સત્ય ઘટના છે. જેમ વિલાસમય દેખાવોનું ખોટું પરિણામ થાય છે તેમ શુભ ભાવના બતાવનારા દૃશ્યો અને મનોહર ભક્તિના ગાયનોનું પરિણામ પણ જીવન પલટો કરી શકે છે. અનેક સંત મહાત્માઓના ચરિત્રમાંની ઘટનાઓ જો ચિત્રિત કરવામાં આવેલી હોય તો તેના સુસંસ્કારો આપણી આંખો દ્વારા મનની પ્લેટ ઉપર ચિત્રિત થાય છે જ. એ મહાત્માના અલૌકિક ત્યાગ, સંવેગ આપણી નજર સામે ઉભા રહે છે. અને આપણા જીવન ઉપર આપણી પ્લેટની ગ્રહણશક્તિને અનુસરી તેના આછા પાતળા કે પૂર્ણ ચિત્રો અંકાઈ જાય છે. એવી આ ચિત્રોની શક્તિ હોય છે. વૈરાગ્ય ઉત્પન્ન થાય અને જગતનું અને પોતાના શરીરનું પણ તુચ્છપણું જો એ મહાન વિભૂતિઓના ચરિત્રો ઉપરથી આપણા મન ઉપર અંકિત થઇ જાય છે તો આપણું જીવન પણ વૈરાગ્યમય અને નીતિમય બના જાય તો તેમાં આશ્ચર્ય માનવાનું કારણ નથી. કોઈ મહાન પરાક્રમી દેશનેતાનું ચરિત્ર કે તેનું ચિત્ર ચિત્રિત કરાએલું આપણા જોવામાં આવે છે ત્યારે તદ્દન કાયર લાગતો પામર માણસ પણ કાંઇક કરી છુટવાનો પ્રયત્ન કરે છે.

સંત મહાત્મા કે યોગી જ્યાં નિવાસ કરે તેની આસપાસમાં બીભત્સ અને વિકાર જન્માવનારા ચિત્રો રાખવા ક્યારે પણ યુક્ત નથી. તેમ આવા સ્થાનમાં સાધુ અને યોગી ક્ષણવાર પણ ઉભા રહેતા નથી. તેઓ જો ત્યાં વસે તો એવા ચિત્રો કાંઈ જીવતા થઇ તેમને વળગી જતા નથી. પણ મુંગેમુંગે તે ચિત્રો પોતાનો ભાવ ભજવ્યા વગર રહેતા નથી. ચિત્રો પોતાનું દૃશ્ય તે મુનિની આંખમાં અંકિત કરી મુનિના મનનો કાબુ અવશ્ય મેળવી લ્યે છે. અને મુનિના પતનનો માર્ગ ખુલો કરે છે એટલે મુનિ ચલાયમાન થઈ પોતાની આત્મિક કમાણી ધૂળ ભેગી કરી નાંખે છે.

જ્યારે વિકારી અને વિલાસી ચિત્રોની એવી અસર થતી હોય ત્યારે ત્યાગી ઋષિ મુનિઓન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સિદ્ધ પુરૂષોના ચિત્રના દર્શન થવાથી શુભ ભાવના અને તેમના માટે આદરભાવ વધે એમાં જરાએ શંકા જેવું નથી. તેમના મહાન્ ગુણોની છબી આપણા અંતઃકરણમાં અંકિત થતા આપણું અંતઃકરણ શુભ ભાવના ધારણ કરે અને તેમના ગુણકીર્તન તરફ આપણું મન આકર્ષિત થાય અને પરિણામે તેમના અલૌકિક ગુણો આપણામાં સંક્રમિત થવાનો અનોખો પ્રસંગ ઉપસ્થિત થાય એમાં શું આશ્ચર્ય છે?

આપણે મહાભારતની કથાઓના ચિત્રો જોતા હોઇએ કે રામાયણની કથાઓ નજરે નિહાળીએ અથવા જૈન ઋષિ મુનિઓના કે તીર્થંકર ભગવંતોના ચરિત્રોના ચિત્રો દૃષ્ટિ સામે મૂકીએ ત્યારે તેનું પરિણામ શું આવે? એનો આપણે આપણા મન સાથે વિચાર કરીએ ત્યારે આપણને ખાસ અનુભવ થશે કે, આપણે કાંઇ ને કાંઇ મેળવ્યું છે. આપણા આત્માને આપણે લાભ જ કર્યો છે. એટલે આત્માને લાભ કરવાનું જો કોઇ સાધન હોય તો તે એવા મહામાનવોના ચરિત્રો તેમ જ તેમના મુખારવિંદો નજર સામે રાખવા એ જ છે. મહાપુરૂષો અને સતીઓના સ્તવનો તેમના મંગલ અદ્‌ભુત કાર્યોના ગુણગાન વારંવાર કરવાથી આત્માને અત્યંત લાભ થાય છે. તેથી જ સંત મહાત્માઓ તેમના સ્તુતિ સ્તોત્રો અને ગુણગાન કરતા થાકતા નથી. તેમને રાતદિવસ એવા સંતોની સાથે અનેકરૂપે સંપર્ક રાખવાનું ગમે છે. તેમાં તેમને સુખનો આનંદ અનુભવવા મળે છે.

આવા દૃશ્યો આપણી નજર સામે દેખાતા રહે, તેમના ગુણોનું આપણી નજર સામે મનન ચિંતન ઉભૂ રહે તેટલા માટે દેવમંદિરોનું વિધાન ધર્મશાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે. અને ધનવાનોએ પોતાના ધનની નદીઓ તે પાછળ વહાવી છે. તેમ જ કલાકારોએ પોતાની કલા અને ચાતુરી ખોબાઓ ભરી ભરીને તે પાછળ ઠાલવી છે. અને આપણે જોઇએ છીએ કે એનાં પરિણામે અનંત આત્માઓ પોતાનું જીવન સફળ કરી ગયા છે. અનંતોએ એ સાધનદ્વારા જ બીજા અનંતોને માર્ગ બતાવી તેમના આત્માનું કલ્યાણ સાધવા માટે સાધનો પૂરા પાડ્યા છે.

જે કેટલાએક માર્ગ ભૂલેલા રૂક્ષ મનના માનવો મૂર્તિપૂજા શાસ્ત્રમાં બતાવવામાં આવી નથી માટે અમો કરતા નથી એમ બોલે જાય છે તેઓ પ્રભુનો માર્ગ ભૂલ્યા છે એમ કહેવામાં જરાએ ખોટું નથી. એવા ઘણાઓ અનેક જડ વસ્તુઓને પ્રતિક તરીકે પૂજે છે. માને છે અને એ પ્રતીકના અપમાનમાં દુઃખ અનુભવે છે. એટલે અન્યરૂપમાં પણ પ્રતીકરૂપ મૂર્તિને પૂજે છે જ. મોઢે ભલે તેઓ મૂર્તિનો નિષેધ બોલતા હોય પણ તેઓ વાસ્તવિક રીતે અન્ય માર્ગથી પણ મૂર્તિ, પ્રતીક અગર અન્ય વસ્તુને પૂજતા જ હોય છે. તેઓ જાણે પોતાની જન્મદાત્રી માતને જ વંધ્યા માનતા હોય એમ જણાય છે!

માટે જ અમો આગ્રહપૂર્વક કહેવા માંગીએ છીએ કે જો આપણે આપણું જીવન રસમય અને શુભભાવમય કરવું હોય તો આપણા ઘરમાં, ઓરડામાં, સુશોભિત ઘરના ખંડમાં મહાપુરૂષોના જ ચિત્રથી શણગાર કરવો જોઇએ. આપણી ઓફીસ, દુકાન કે એવી કાર્યક્ષેત્રવાળી જગ્યાઓમાં પણ નટીઓનાં ચિત્રો કરતાં એવા શુભ કામના અને ભાવો બોધતા ચિત્રોનો ઉપયોગ કરવો જોઇએ. અને એ રીતે આપણું જીવન ઊંચુ બનાવવાના આપણે પ્રયત્નો કરવા જોઇએ. આ લેખ વાંચી જો કોઇ એનું અનુસરણ કરશે તો અમને તેથી પરમ આનંદ થશે અને અમારા ચિંતન મનનનું સાર્થક્ય થયુ ગણીશું. ઇતિશમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ

કવિ–બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" માલેગામ

અધર બિરાજે અધર બિરાજે અધર બિરાજેજી,
શિરપુર નગરે અંતરિક્ષ પ્રભુ અધર બિરાજેજી. આંકણી.
ખરદૂષણ રાવણભગિની પતિ યાન માર્ગ સંચરતા,
ભોજન સમય થતા વન ઉતર્યો પૂજા મન ધરતા. ૧
પ્રભુજી અધર બિરાજેજી.

પ્રતિમા લાવા ભૂલ્યો તેથી ખેદ ઘણો થાતા,
ભાવી જિનપતિ પાર્શ્વનાથ પ્રભુ પ્રતિમા મન ધરતા. ૨
શુદ્ધ દ્રવ્ય મેળવી વાલુમય પ્રતિમા નિર્મી ત્યાંય,
મંત્રાધિષ્ઠિત દેવસહાયે વજ્રમયી થાય. ૩
પ્રભુ પૂજીને ભોજન કીધું ધન્ય થયો મનમાય,
પ્રતિમા થાપી જલકુંડે ત્યાં નૃપ યાને જાય. ૪
એ જિનપતિનું પૂજન કરતા અગણિત વરસો દેવ,
ભક્ત કામનાપૂરક પારસ પ્રભાવ નિર્મિત થાય. ૫
એલચપુર રાજા વૈદર્ભે નામે નૃપ શ્રીપાલ*
કુષ્ટરોગ પીડાતો દુખિયો કષ્ટ સહે ભૂપાલ. ૬
રહેવાડી ફરતા એ આવ્યો તે જલકુંડ સમીપ,
હસ્તપાદ પખાળી પીધું જલ સંતોષ્યો ભૂપ. ૭
રોગ જતા નિદ્રા તસ આવી રાણી જાણી એહ,
લેઇ ગઇ એ કુંડ સમીપે સ્નાન કર્યું ધરી નેહ. ૮
દેવ અધિષ્ઠાયકને વિનવે અઠ્ઠમ કરી નૃપ એહ,
સ્વપ્ને પ્રગટી દેવ વર્ણવે પાર્શ્વ પ્રભુ ગુણ ગેહ. ૯
માગે પ્રતિમા પાર્શ્વપ્રભૂની પૂજન કરવા ભાવ,
ઈંદ્રાજ્ઞાવિણ પ્રભુ નહીં મળશે અન્ય કાંઇ પણ માગ. ૧૦
હઠ્ઠ ધરી શ્રીપાળ માગતો કરી ઉપવાસો સાત,
પ્રસન્ન થઇ દેવે માન્યું તે શરત કરી નૃપહેત. ૧૧
સાઠાના ગાડાને જોડી બાલ વાંછડાં દોય,
બેસાડી પ્રભુને તૂં લેઇ જા પાછું ન વાળી જોય. ૧૨

---

* ઇલા એટલે પૃથ્વીનો એ સારી રીતે પાલન કરતો હોવાથી એને ઇલ અગર એલચ રાજા પણ લોકો કહેતા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શંકા કરી રાજાએ જોયું પાછળ પ્રભુ ત્યાં સ્થિર,
અધર બિરાજ્યા પ્રભુ નહીં આવે બની સ્થિતિ ગંભીર. ૧૩
નિજ નામાંકિત નગર વસાવે રાજા એ શ્રીપાલ,
શ્રીપુર નગરી નિર્મી બાંધ્યું મંદિર શ્રેષ્ઠ વિશાલ. ૧૪
રાજા સોચે પ્રભુની સાથે નામ થશે મુજ સ્થિર,
ગર્વ થતાં રાજાને જાગ્યો દેવકોપ ગંભીર. ૧૫
સેવકદેવે મંદિર રાખ્યું ખાલી પ્રભુ વિણુ તેહ,
રાજા સોચે સંકટ આવ્યું મુજ પર દીસે એહ. ૧૬
અભયદેવ સૂરીશ્વર ચરણે મંત્રી પોહોચ્યો એક,
રાજાનું સંકટ હરવાનો ઉપાય પૂછવા છેક. ૧૭
આવી ત્યાં આચાર્ય મુનીશ્વર દેવી આરાધે,
ઉપાય દાખવવા ત્યાં પૂછે નૃપતિ કાર્ય સાધે. ૧૮
સ્વપ્ને માતા બોલે મુનિને રાજા મનમાં ગર્વ,
તેથી મંદિર ખાલી રહેશે સાધો સંચિત પર્વ. ૧૯
સંઘ મળી મંદિર બંધાવો પ્રભુ ત્યાં સ્થિર થાશે,
સંકટ સહુના મનના જાતા પ્રભુકૃપા વધશે. ૨૦
સંઘે બાંધ્યું મંદિર નગરે બીજું સુંદર એહ,
પ્રભુ ઉતરી મંદિરમાં પેઠા સંઘ દેખતા તેહ. ૨૧
ત્યાં પણ બેઠા અધર આસને કરી પ્રતિષ્ઠા એહ,
અંતરિક્ષ પ્રભુ પ્રગટ થયું ત્યાં સાર્થ નામ ગુણગેહ. ૨૨
મુકુટ કુંડલો બાજુબંદ સહુ રત્નજડિત કીધા,
કનકહાર મુક્તાફલ ગુંફિત પ્રભુકંઠે દીધા. ૨૩
રાજા આનંદે અર્પે ત્યાં પ્રભુ ચરણે નગરી,
પૂજા પખાળ કાજે શિરપુર નગરી એ ધારી. ૨૪
ભક્ત મનોરથ પૂરણ કરતા પાર્શ્વ પ્રભુ સ્વયમેવ,
જય જય બોલે સકલ સંઘ ત્યાં આનંદે શુભ ભાવ. ૨૫
ભાવવિજય આવ્યા બહુ કાળે નેત્રહીન છે જેહ,
આરાધી શ્રી અંતરિક્ષ પ્રભુ દૃષ્ટિ પામિયા તેહ. ૨૬
અંતરિક્ષ પ્રભુ સ્મરણ કરંતા મુજ બંધન જાય,
લોહ શૃંખલા ગળી જતાં મુજ વિસ્મય મન થાય. ૨૭
ગુણ ગાતા હર્ષોર્મિ વિકસી આનંદ અંગ ન માય,
બાલેન્દુ પ્રભુચરણસરોજે નત મસ્તક થાય. ૨૮
છંદ એહ ભણશે સાંભળશે દુઃખ તેના જાશે,
અંતરિક્ષ પ્રભુ કૃપા પ્રસાદે મંગલ સહુ થાશે. ૨૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आचार्य भद्रबाहु का सामुद्रिक शास्त्र और उस में उल्लिखित दो अप्राप्त ग्रन्थ

ले० अगरचंद नाहटा

प्राचीन आचार्यों के नाम से रचे गए अनेक संदिग्ध ग्रंथ मिलते हैं और बहुत से ग्रंथों का अन्य ग्रंथों में उल्लेख मिलता है पर वे वर्तमान में प्राप्त नहीं हैं, इसलिये वे उल्लेख कहाँ तक सही हैं–यह एक प्रश्न से बन जाता है। चतुर्दशपूर्वधर आचार्य भद्र-बाहु का जैन–ग्रंथकारों में बड़ा महत्त्व है क्यों कि उन के बाद से ही १४ पूर्वों का परिपूर्ण ज्ञान लुप्त हो गया। उनकी रचनाओं में ३ छेदसूत्र, १० निर्युक्तियां तो प्राची काल से मान्य है। यद्यपि निर्युक्तियों में कुछ पीछे के समय के उल्लेख प्राप्त होते हैं। इस से उनके प्रथम भद्रबाहु की रचना होने में संदेह प्रकट किया जाता है। भद्रबाहु–संहिता नामक एक ज्योतिष–ग्रंथ भी उनके नाम से प्रसिद्ध है चूंकी ज्योतिषी भद्रबाहु वराह-मिहर के भाई माने जाते हैं इसलिये वे पीछे के ही हैं। इसी तरह करीब ज्ञानपूर्ण एक ग्रंथ सामुद्रिकशास्त्र भद्रबाहु रचित श्रावक भीमसी माणकको प्राप्त हुआ था जिसका गुज-राती भाषान्तर नागरी लिपिमें संवत् १९५५ में उन्होंने प्रकाशित किया। इस ग्रंथ की मूल प्रति किस भंडार से उन्हें प्राप्त हुई, इसका उल्लेख ग्रंथमें नहीं किया गया है पर भाषान्तर के अन्त में एक विचारणीय उल्लेख है जिसमें लिखा है 'आ ग्रंथनी प्रथम प्रति चौद पूर्व-धारी श्री भद्रबाहु स्वामिनी आज्ञाथी महामुनि श्री स्थूलभद्रजीए नेपाल देशनी भद्रकरा नामनी नगरीमां लखी।'

ते उपरथी पाटलीपुत्रना निवासी श्रीमुख नामना श्रावकें लखावी। ते उपरथी परमार्हत श्री कुमारपाल राजानी आज्ञाथी कलिकाल-सर्वज्ञ श्री हेमचन्द्राचार्ये पोताना परम विश्वासु शिष्य पासे ताडपत्र पर लखावी, तथा ते आ प्रति श्री कुमारपाल राजाए पोताना भंडारमां महोत्सवपूर्वक धारण करी।

(श्री हेमचन्द्र आचार्य आ प्रतना छेल्ला पत्रमां पोताना ज हस्ताक्षरथी लखे छे के)

"इदं सामुद्रिकशास्त्रं यात्रार्थं गतेन मया मरूभूमौ जेसलमीरनाम्नोनगरस्य जैन पुस्तका-लयमध्यगत लेप्यमयजीर्णस्तंभतस्तालपत्रेषु लिखित लब्धं, तत्पुस्तकं मया तत्रस्थसंघाज्ञया प्रतिलिख्य विलोकितं, तदा "इदं सामुद्रिकं शास्त्रं श्री नेपालदेशस्य ललाम भूतायां श्री भद्रंकरानाम-नगर्यां चतुर्दशपूर्वधरच्छ्रीभद्रबाहुस्वामिनां परमा-ज्ञायाभहामुनि श्री स्थूलभद्रेण स्वहस्तलिखित जीर्णं तालपत्रमयपुस्तकतो विक्रमसंवत् एकोन-विंशत्यधिक त्रिशतवर्षे पाटलीपुत्रनिवासी श्री मुखनामश्रद्धार्थं भिक्षुकरत्नशेखरेण लिखितं" इति लेखो मयातदंतिमतालपत्रेदृष्ट., तद्विलोक्य मे मनसि महादाश्चर्यं जातं, पश्चाद्बहुप्रयत्नेन जेसलमीरस्थ संघाज्ञया तज्जीर्णपुस्तकं मयाऽण-हिलपुरपत्तने महानीतं, च, परमार्हत श्री कुमारपालनरेंद्राणां दर्शितं, तद्दृष्ट्वा जातहर्षेण नरेन्द्रेण नवीनतालपत्रोपरि तस्य प्रति मम-विश्वस्त शिष्यपार्श्वेलिखाप्य महोत्सवपूर्वकं स्व-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भांडागारे स्थापितं, च जीर्ण पुस्तकं जेसलमीर नगरे पुन. प्रवितं । श्रीरस्तु ।

एवी रीतें चौदपूर्वधारी श्रीभद्रबाहुस्वामिए जगत्जीवोना हित माटे रचेलुं 'सामुद्रिक शास्त्र' संपूर्ण थयुं । "

वास्तव में उपरोक्त प्रशस्ति विश्वसनीय नहीं प्रतीत होती । परवर्ती किसी व्यक्तिने इस ग्रंथकी प्रामाणिकता को बढाने के लिये ही जोड़ दी प्रतीत होती है क्योंकि आचार्य हेमचन्द्र के समय जेसलमेर में ज्ञानभंडार था ही नहीं । जेसलमेर तो उनके स्वर्गवास के आसपास या उसके बाद ही बसा है । यद्यपि वहाँ के बड़े ज्ञान भंडार में १० वीं से १३ वीं शताब्दी की भी कुछ प्रतियां मिली हैं पर वे प्रतियां किसी और ही जगह से यहां आई हैं । सम्भवत: १४–१५ सदीमें मुसलमानों के अत्याचार से बचाने के लिये यहां अन्य भंडारों की कुछ प्रतियां यहां पहुंची है । जिनभद्रसूरि से पहले यदि यहां ज्ञानभंडार होगा तो बहुत साधारण ही । वर्तमान ज्ञान–भंडार की स्थापना जिनभद्रसूरिजीने ही यहां की थी । खैर इस सामुद्रिक शास्त्र की प्राचीन हस्तलिखित कोई भी प्रति मेरी जानकारी में किसी भी भंडार में आज प्राप्त नहीं है ।

इस ग्रंथ में कुछ ऐसे प्रसंग व उल्लेख हैं जिन से भद्रबाहु स्वामी ही इसे फरमा रहे हैं ऐसा आभास होता है । जैसे पृष्ठ ६८ में लिखा है कि (१) अमोने पर एक वखते पाटलीपुत्रमां मलेला संघे नेपालमांथी बोलाव्या हता । पण ते वखते अमो त्यां चौदे पूर्व मुहूर्तवारमां गणी जवाय, एवी विद्या साधता हता । तेथी त्यां पाटलीपुत्र आववानी अमोए संघनी आज्ञानो भंगकर्यो हतो । अने तेना प्रायश्चित माटे अमोए पण एक वखत भृगुकच्छ आवीने श्रीमुनिसुव्रत प्रभुजीनी प्रतिमा समक्ष अट्ठम तप सहित प्रायश्चित लीधुं हतुं; ते वखते तेमनां अधिष्टायकजीए साक्षात् श्रीमंदिर स्वामीजीने पूछीने अमोने ते दोषरहित जणाव्या हता. ते विषेनुं विशेष वृत्तांत अमारा रचेला "यात्राप्रबंध" नामना ग्रंथथी जाणी लेवुं ।

"एवी रीतें मनुष्य जातिने विशेष उपयोगमां आवतां अश्वादिक पशुओनां पण लक्षण कह्यां । विद्याप्रवाद पूर्वमां सघली जातिनां पशु, पक्षि विगेरे प्राणीओनां लक्षणो घणां विस्तारथी कह्यां छे, पण मनुष्य जातिने विशेष उपयोगमां आवतां प्राणीओनां ज लक्षणो आ ग्रंथमां संकोचथी कह्यां छ । केमके ते सघलां लक्षणो वरणववाथी ग्रंथ घणो वधी जाय । माटे ते लख्या नथी । पक्षीओनां लक्षणो अमोए करेला "पक्षी परीक्षा" नाम्ना ग्रंथमा कहेला छे । ते तेमांथी जाणी लेवा ।

आ ग्रंथ पाटलीपुत्रनां निवासी परमार्हती श्री सुहंसी नामनी श्राविकाना आग्रहथी अमोए विद्या प्रवाद पूर्वमांथी उद्धरीने तेने माटे रच्यो छे ।

इस ग्रंथ के प्रारम्भ में लिखा है कि सामुद्रिक लक्षण बतलाने के बाद दीक्षा आदि के मुहूर्त का भी स्वरुप कहा जायगा । पर प्रकाशित ग्रंथ में तो वह देखने में नहीं । कई प्रासंगिक कथाएं अवश्य दी गई हैं ।

ऊपर जो दो उद्धरण दिये गए हैं उनमें "यात्राप्रवन्ध" और "पक्षी परीक्षा" नामक ग्रंथ भद्रबाहुस्वामी के बनाने का उल्लेख किया गया है वे ग्रंथ भी अब प्राप्त नहीं हैं । इस लिये विद्वानों का ध्यान उन दोनों अलभ्य ग्रंथो की खोज और सामुद्रिकशास्त्र की प्राचीन प्रति के अन्वेषण की ओर आकर्षित करने के लिये ही यह लेख लिखा गया है ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આંતર શત્રુઓ

સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ – મોરબી

બાહ્ય શત્રુઓને આપણે જાણી શકીએ છીએ એટલે તેનાથી ચેતતા રહી શકાય છે, પણ આંતરિક શત્રુઓ આપણી કેટલી બધી ખાનાખરાબી કરે છે તેનો ખ્યાલ આવે એટલા માટે તેમનો નામ નિર્દેશ અને તેનાથી બચવાના ઉપાયો સંક્ષિપ્તમાં જણાવ્યા છે.

**૧. કામ :** વીર્યનાશ એ મૃત્યુ અને બ્રહ્મચર્ય એ ઉત્તમ તપ છે. અધ્યાત્મિક વિકાસ માટે બ્રહ્મચર્યની અખંડ જરૂર છે, ભારે અને માદક ખોરાકની ઈચ્છા એ પણ કામોત્તેજક છે. કઠણ શય્યા, ઉપવાસ, ઉણોદરી આદિ તેના વિઘાતક છે. આસન–મુદ્રા–પ્રાણાયામ અને ધ્યાન કરવું એ ખરાબ વિચારને રોકે છે.

શરીર એ આત્મમંદિર છે માટે વિચારોથી પવિત્ર રાખવું. વૈષયિક પ્રેમને પ્રભુ પ્રેમમાં પ્રગટાવવો.

**૨. ક્રોધ :** પૈશુન્ય–સાહસ–ધૈર્ય–મોહ–ઈર્ષ્યા, અસૂયા, દુષણ વાગ્દંડ પારૂષ્ય–આ આઠ ક્રોધની સાથે હોય છે.

ક્રોધથી ચહેરો બિહામણો થાય છે. આંખો ફુલીને લાલ થાય છે, હોઠ ફફડે છે, શ્વાસોશ્વાસ જોરથી ચાલે છે. અમાનુષી દેખાવ થાય છે ક્રોધ પ્રેમનો નાશ કરે છે. કાંતિનો નાશ કરે છે. ઘણા જ દોષોને ઉત્પન્ન કરે છે. ક્રોધ શમ્યા પછી ભૂલ કબુલ કરી માફી માંગવી, ક્રોધીના મુખ સામે દર્પણ ધરવું, આવેશ વખતે મૌન રહેવું અને ક્રોધ ઉતરી ગયા પછી જ બીજું કામ કરવું, ક્રોધ આવવાના પ્રસંગે ભગવાનના નામનું સ્મરણ કરવું, અપમાન સહન કરવાની ટેવ પાડવી, નુકશાન અપમાન કરનારને જ છે, સહનારને તો લાભ જ છે.

**૩. લોભ :** હું શાનો લોભ રાખું છું ? તેની તૃપ્તિથી મળનારૂં સુખ કેટલો ટાઇમ રહેશે ? અંતે તેનાથી શો લાભ થશે ? લોભનું મૂળ અજ્ઞાન છે. ભોગની અસ્થિરતા તથા વસ્તુની અનિત્યતાનું જ્ઞાન થતાં જ લોભ ઓસરી જાય છે. ભોગો અનિત્ય, અસાર, કષ્ટકારક અને અતૃપ્તિકર છે. આજે ભોગવેલા ભોગો કાલે સ્વપ્નરૂપ બની જાય છે. કામનાઓ મનુષ્યની કટ્ટર શત્રુ જેવી છે. લોભનો ખાડો કદીયે પુરાતો નથી. તૃષ્ણાઓની તૃપ્તિ એ બળતામાં ઘી હોમવા જેવું છે. ફક્ત એક જ માણસની કામનાઓ પુરવા માટે પણ સંસારના પદાર્થો પુરતા નથી. લોભ એ માનસિક રોગ છે. અસાધ્ય વ્યધિ છે.

નાનામાં નાની કામનાને પણ સંયમથી દાબી દેવી, ઈચ્છારૂપી વાઘણને ત્યાગરૂપી પાંજરામાં પુરી દયો, બીનજરૂરી સંગ્રહ તથા બીજાને જરૂર હોય ત્યારે પણ પોતાની વસ્તુ બીજાને આપવી નહીં, તે પણ લોભ જ છે. આપણને જેના વગર ચાલે જ નહીં એવી વસ્તુઓ કેટલી છે ? જરૂરીયાત ઘણી થોડી જ હોય છે, જ્યારે મળેલી વસ્તુઓ ઘણી જ વધારે હોય છે.

**૪. મોહ :** મોહનું કારણ અવિદ્યા છે. પારકી વસ્તુને પોતાની માનવી એ મોહ છે. જ્ઞાન એ સૂર્ય છે, તેનાથી અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામી જાય છે. હું કોણ છું ? મારૂં શું છે ? એનો જવાબ એ જ છે કે હું આત્મા છું અને જ્ઞાનાદિ ગુણો તે મારા છે. મોહ ઘટાડવા માટે પ્રભુ ઉપરનો પ્રેમ વિસ્તારો અને પોતાના સુખ કરતાં પ્રાણી માત્રના સુખને અધિક ચાહો.

**૫. મદ :** પોતાના દોષોની યાદી બનાવો અને તેને દરરોજ એક વાર જોઇ જાઓ.

મદમાંથી ઉત્પન્ન થતા દોષો:–મનુષ્ય ઉપર તિરસ્કાર, પીડવાની દૃષ્ટિ, અસત્ય વચન, ક્રોધ, ચીડીયાપણું, અદેખાઈ, કટુ ભાષણ, ઉદ્વેગ ઈત્યાદિ. જ્યારે હૃદયમાં પ્રભુ આવે ત્યારે અહંકાર, અહંભાવ બહાર જાય છે. હૃદયમાં બેમાંથી એકનો જ વાસ હોય છે. કોઈ પણ માણસ એમ નહીં કહી શકે કે મેં મારૂં જીવન તદ્દન ભૂલ વિનાનું અને નિષ્કલંક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ આવ્યું છે. આત્મનિરીક્ષણથી મદ કે મિથ્યાભિમાન કદી ટકતું નથી. વિદ્યાનો ગર્વ હોય તેણે વિચારવું કે તારા પોતા વિષે તું કેટલું જાણે છે. દેહના અવયવો ઇન્દ્રિયોના કાર્યો, લોહીના રજકણો અને શરીરની રચના વગેરેનું તને કેટલું જ્ઞાન છે? સ્વપ્રયત્નથી કેટલું જ્ઞાન તેં મેળવ્યું? વક્તૃત્વશક્તિ ક્યાંથી આવે છે? તે પણ એક સરખી હમેશાં રહેવાની નથી. તેમાં તારો ફાળો કેટલો છે? શરીર–રોગ–જરા–મૃત્યુ આદિ ઉપર કેટલો કાબુ છે?

૬. **ઇર્ષ્યા :** ઇર્ષ્યાને જીતવાનો ખરો ઉપાય પ્રેમ છે. જેની ઉપર ખરો પ્રેમ હોય તેના ઉપર ઇર્ષ્યા કદી થતી જ નથી. જેના હૃદયમાં ઇર્ષ્યા હોય છે તેની જીભમાં નિંદા પણ હોય જ છે. નિંદાથી બચવા માટે પોતાના દોષો અને બીજાના ગુણોને જોવા. ખરાબ માણસમાં પણ ગુણ શોધવાની ટેવ પાડવી. પવિત્રતા અને સદાચારની જેને સાચી તમન્ના જાગી હોય તે બીજામાંથી ગુણો શોધીને જીવનમાં ઉતારવા મથે છે. ગુણોની સ્પર્ધા, હરીફાઈ ઉન્નત બનાવે છે. દોષદૃષ્ટિ અધમતા લાવે છે. ઇર્ષ્યાવાન દયાપાત્ર છે. સજ્જનોને જે વસ્તુ બીજામાં જોઈને આનંદ થાય છે તે જ વસ્તુ જોઈને ઇર્ષ્યાળુને ખેદ થાય છે. તેને મન અમૃત એ ઝેર અને સ્વર્ગ એ નરક જેવું લાગે છે.

૭. **અસૂયા :** ગુણવાનમાં પણ દોષદૃષ્ટિ એ અસૂયા છે. ઝેરની અસર જેમ શરીર પર થાય છે તેમ તેની અસર મન ઉપર થાય છે. તેનું મન બેચેન રહે છે. શરીર તંદુરસ્ત રહેતું નથી–મન આળું થઈને નબળું પડી જાય છે. કોઈપણ કામ કરવું ગમતું નથી. તેનો સઘળો આનંદ ખલાસ થઈ જાય છે. ઘણા ખરા કજીયાનું મૂળ અસૂયા છે. મનુષ્યનું મન મોટે ભાગે પોતાના ગુણ અને બીજાના દુર્ગુણો જ જોયા કરે છે. પોતામાં ગુણ મેળવવાની તેવડ નહિ એટલે જ બીજાના ગુણોને ઉતારી પાડવાની મનોવૃત્તિ જાગે છે.

૮. **અસ્થીરતા :** વિચારની શક્તિના અભાવે યા તો વિચારનું સમતોલપણું ન હોવાથી દુર્ગુણ જન્મે છે. તેને રોકવા માટે રોજનું અમુક કાર્ય નક્કી કરી, તે કાર્યને ચુસ્તપણે વળગી રહેવું જોઈએ. ગુણો કેળવવા, દોષોને દૂર કરવા, મન ઉપર કાબુ મેળવવો. નિયત સમયપત્રક, નોંધ પત્રક આદિ ઘણી મદદ કરે છે. એથી આત્મનિરીક્ષણની ટેવ વધે છે. દોષો જીતવાની કળા હસ્તગત થાય છે. જિંદગી અંકુશ વગરની ન જોઈએ.

૯. **ચિંતા :** આવતી કાલની ચિંતા આજના કાર્યમાં બાધક છે. કૃત્રિમ જરૂરિયાતોને દેશવટો દેવાથી ચિંતા થતી નથી તે જ માટે મનુષ્યની જરૂરિયાતો કેટલી ઓછી જોઈએ તેનો વિચાર કરો, દુઃખી અને ત્યાગી છતાં આનંદી માણસોનો સહવાસ કરો. ખાવા–પીવા કે પહેરવા ઓઢવાની ચિંતા નિરર્થક છે. ખાવાપીવા કરતાં જીવન અતિ કિંમતી છે માટે પુણ્ય ઉપર વિશ્વાસ રાખો, પુણ્યથી જ બધી જરૂરિયાતો મળે છે.

૧૦. **કૌટિલ્ય :** કોઈને છેતરવાનો વિચાર નકામો છે. સનાતન નિયમોને કોઈ ઠગી શકતું નથી. પુણ્યથી પાપ ધોવાય છે એમ માની પાપ કર્યે જવું એ માન્યતા ભૂલ ભરેલી છે. આવા ખોટા સરવાળા–બાદબાકી કરી ઠગબાજી આદુ રાખવી એ અધઃપતનનો માર્ગ છે.

૧૧. **વાચાલતા :** આ દુર્ગુણ ગાંભીર્યનો નાશ કરે છે. વિના કારણે બોલવાથી શક્તિનો અપવ્યય થાય છે. અંતરના ઊંડાણની વાતો જ્યાં ત્યાં જણાવવાથી કશો લાભ નથી. જીભનું વ્હેણ ખોટે માર્ગે જતું અટકાવવાથી હૃદયનું વ્હેણ ખુલ્લું થાય છે. મૌન–એકાંત અને આત્મનિરિક્ષણ એ ઊર્ધ્વગતિના મંડાણ છે.

૧૨. **દ્વિઅર્થી સંભાષણ :** આ દુર્ગુણ જુઠાણાનો પિત્રાઈ ભાઈ છે. જે જુઠાણું અર્ધું સાચું છે તે તો હડહડતા જુઠાણાથી પણ વધુ ખરાબ છે. આ એક મેલી રમત છે.

આવા આંતરશત્રુઓ અને દુર્ગુણોથી બચવાનું બળ પ્રાપ્ત થાય એજ અભિલાષા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક–સાર્થ

: ( ૩૪ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૧૩૮) ભરતચક્રવર્તિ નિગોદાદિકમાંથી નિકલીને કેટલા ભવે મોક્ષે ગયા, તથા સમ્યક્ત્વ પામીને જે જીવ તેનું વમન ન કરે તો તે કેટલા ભવે મોક્ષે જાય?

ઉ૦—ભરતચક્રવર્તિ સાત યા આઠ ભવે મોક્ષે ગએલ છે એમ સંભવે છે. यदुक्तं आचारांग-वृत्तौ लोकसारा ध्ययने तृतीयोदेशके "भावयुद् वा अर्हं शरीरं लब्ध्वा कश्चिद् तनैव भवेन अशेषकर्मक्षयं विधत्ते, मरुदेवी स्वामिनी वत्, कश्चिद् सप्तभिरष्टभिर्वा भवै भरतवत्, कश्चिद् अपार्द्धपुद्‌गलपरावर्तेन, अपरो न सेत्स्यति एवेति."

**ભાવાર્થ**–ભાવતીર્થંકરને પામીને કોઈ જીવ તે જ ભવમાં મરૂદેવી માતાની માફક સર્વકર્મનો ક્ષય કરે છે, કોઇ સાત આઠ ભવે ભરતચક્રીની માફક મોક્ષે જાય છે, કોઈ અર્ધ પુદ્‌ગલ પરાવર્તનકાલમાં મોક્ષે જાય. બીજો સિદ્ધ થતો નથી, તથા સમ્યક્ત્વથી નહિ પડેલો જીવ ઉત્કૃષ્ટથી સાત આઠ ભવ સુધી સંસારમાં રહે છે ત્યાર પછી અવશ્ય મોક્ષે જાય છે. यदुक्तं सूत्रकृतांगवृत्तो चतुर्दशाध्ययने 'अप्रति-पतितसम्यक्वो जीव उत्कृष्टतः सप्तष्टौ वा भवान् म्रियते नीर्ध्वमिति.' આનો અર્થ ઉપર આવી ગએલ છે ॥ ૧૩૮ ॥

પ્ર૦—(૧૩૯) સૂક્ષ્મનિગોદમાંથી નીકળીને કેટલાક જીવો ફરીને સૂક્ષ્મ નિગોદમાં જાય છે તો તે જીવો ત્યાં ઉત્કૃષ્ટથી કેટલો કાલ રહે છે ૧, તથા કેટલાક જીવો સૂક્ષ્મ નિગોદમાંથી નિકળીને બાદર નિગોદમાં ગતિ આગતિ એટલે જાવઆવ કરતાં ઉત્કૃષ્ટથી ત્યાં કેટલો કાળ રહે છે ૨, તથા કોઇ વખત સૂક્ષ્મ નિગોદમાં અને કોઈ વખત બાદર નિગોદમાં એ પ્રમાણે સામાન્ય નિગોદમાત્રમાં ઉત્કૃષ્ટથી કેટલો કાળ રહે છે ૩, તથા સૂક્ષ્મ બાદર–સાધારણ પ્રત્યેકરૂપ વનસ્પતિકાયમાં જીવો ઉત્કૃષ્ટથી કેટલો કાળ રહે છે? ૪

ઉ૦—સાંવ્યવહારિક એટલે વ્યવહાર રાશિના જીવો સૂક્ષ્મ નિગોદમાં ગયા હોય તો અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાલ સુધી ત્યાં રહે છે પછી અવશ્ય બાદરમાં નિગોદમાં આવે છે ૧, તથા બાદર નિગોદમાં ઉત્કૃષ્ટ સિત્તેર કોડાકોડી સાગરોપમ સુધી ત્યાં રહે છે તેથી વધારે કાલ રહે નહિ ૨. તથા સામાન્ય નિગોદમાં અઢી પુદ્‌ગલ પરાવર્તન સુધી રહે છે એટલે એનો અર્થ અનંતકાળ ૩. તથા વનસ્પતિકાય માત્રમાં અસંખ્યાતા પુદ્‌ગલ પરાવર્તન કાલ સુધી રહે છે ૪. અને તે પુદ્‌ગલ પરાવર્તન આવલિકાના અસંખ્યેય ભાગમાં જેટલા સમયો હોય તેટલા જાણવા.

આ સર્વ સ્થિતિ સાવ્યવહારિક જીવોને આશ્રિને કહેલ છે તેથી મરૂદેવી આદિની સાથે વિરોધ નથી આવતો. यदाह आगमः सुहुम निगोएणं भंते, सुहुमनिगोए त्ति कालओ किय चिरं होइ, गोयमा जहण्णेणं अंतो मुहुत्तं उक्कोसेणं असं-खेज्जं कालं, असंखिज्जाओ उस्सप्पिणि ओस्स-प्पिणीओ इत्यादि 'गोला य असंखेज्जा इत्यादि संग्रहणीगाथावृत्तावपि अयमर्थो बोधव्यः

**ભાવાર્થ**–હે ભગવંત સૂક્ષ્મ નિગોદમાં ગયેલો જીવ સૂક્ષ્મ નિગોદમાં કાળથી કેટલો કાળ રહે? હે ગૌતમ જઘન્યથી અંતર મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ અસંખ્યાતિ ઉત્સર્પિણી અવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્પિણી રહે નિગોદના અસંખ્યાતા ગોલા હોય છે ઇત્યાદિ સંગ્રહણીની ગાથામાં પણ અર્થ જાણવો. ॥ ૧૩૯ ॥

પ્ર૦—(૧૪૦) જેમના રૂંવાટાવડે રત્નકંબલ ઉત્પન્ન થાય છે તે ઉંદરો અગ્નિમાં ઉત્પન્ન થાય છે આથી તે વસ્ત્ર મેલું થયું હોય તો અગ્નિમાં નાખવાવડે શુદ્ધ થાય છે એ પ્રમાણે વચન સંભળાય છે. તો અગ્નિમાં ઉંદર ઉત્પન્ન થાય એવું કોઇ શાસ્ત્રમાં કહ્યું છે કે નહિ? તથા કોઇના પેટમાં ગરોળી ઉત્પન્ન થાય છે એમ સંભળાય છે તેમાં શું કારણ છે?

ઉ૦—અનુયોગદ્વાર સૂત્રની ટીકામાં આવશ્યકના નિક્ષેપના અધિકારમાં અગ્નિમાં ઉંદરની ઉત્પત્તિ કહી છે તથા च तत्पाठः इष्टकापाकाद्यग्नि मूर्षिकावास इत्युच्यते तत्र हि अग्नौ किलमूषिकाः सम्मूर्छन्तीति तथा उदरे गृहकोकिलोत्पत्तेः कारण तु उक्तम निशीथचूर्णो तथा च तत्पाठः 'गिहकोइल अवयवसंमिस्सेण भुत्तेण गिहकोइला संमुच्छंति त्ति'

ભાવાર્થ–ઇટના નિભાડાનો અગ્નિ ઉંદરનો વાસ કહેવાય છે. તે અગ્નિમાં ઉંદરો ઉત્પન્ન થાય છે ॥ ૧ ॥

તથા પેટમાં ઘરોલી ઉત્પન્ન થાય તેનો કારણ તો નિશીથ ચૂર્ણિમાં આ પ્રમાણે કહ્યું છે ઘરોલીના શરીરના અવયવ મિશ્રિત ભોજન કરવાથી પેટમાં ઘરોલીઓ ઉત્પન્ન થાય છે ॥ ૧૪૦ ॥

પ્ર૦—(૧૪૧) આધુનિક કેટલાક પાખંડી નિહ્નવો આર્દ્રકુમાર અભયકુમારે મોકલાવેલ રત્નોહરણના દેખવાથી પ્રતિબોધ પામ્યા છે એમ કહે છે, તે વચન આગમાનુસારિ છે કે આગમ વિરુદ્ધ?

ઉ૦—આ વચન આગમ વિરુદ્ધ જ છે એમ જાણવું ઉત્સૂત્ર બોલનાર સિવાય બીજો કોણ આવુ સ્વકપોલ કલ્પિત સૂત્ર વિરુદ્ધ વચન બોલવા માટે ઉત્સાહિત થાય, જે કારણ માટે સૂત્રમાં સાક્ષાત્ એકાન્તે જિન પ્રતિમા જોઇને આર્દ્રકુમાર પ્રતિબોધ પામ્યા છે એમ કહ્યું છે. तथा च सूत्रकृतांगस्कार्द्रकीयाध्ययननिर्युक्तिपाठः 'पडिमा रहस्स गयं दट्ठुं संबुद्धो' અભયકુમારે મોકલેલ પ્રતિમાને જોઇને આર્દ્રકુમાર પ્રતિબોધ પામ્યો અને પછી વીર પ્રભુ પાસે જઇને દીક્ષા લીધી ॥ ૧૪૧ ॥ (ચાલુ)

## "પ્રભુ ઢુંઢતો પથીક"

પ્રભુ તુજ પંથને ઢુંઢુ, હશે પંથમાં ભર્યા ચંદન;
સમજી શરૂ કરી મુસાફરી, મળ્યાના અભિનંદન.
વિલોકું વાટડી વાટે, કરૂ રણમાં જઇ ક્રંદન;
મળ્યા માલીક તો ના કંઇ, સુણી વાઘ સિંહની ગર્જન.
કોઇ કહે કર્યું તેં સર્જન, ને પ્રલયમાં વિસર્જન;
ના સમજુ કાંઇ એમાં તને, કેવળ કરૂ હું વંદન.
સાચું સત્ય એક લાધ્યું, કરૂ માનનું હું મર્દન;
સ્વપર સમાન નિહાળું, ના ઢુંઢું તુજને વન વન.
તુજ માર્ગની કેડીએ ચઢી આજે, આવીશ ધીરે ધીરે;
છે શ્રદ્ધા સંજીવનીને, પ્રભુ રાખ્યા મેં સાક્ષી મનોમન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## पुस्तकोनी पहोंच

**૧. શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત તત્ત્વજ્ઞાન અને કલ્યાણનો માર્ગ**–પ્રકાશક શાહ પ્રેમચંદ મહાસુખરામ ૬૬૦, દિલ્હી દરવાજા અમદાવાદ ૧. કિંમત રૂા. ૨–૫૦.

આ પુસ્તકમાં આપવામાં આવેલી સામગ્રી એક પ્રકારનો સંચય છે અને તે શ્રીમદ્જીનાં "વચનામૃત" "તત્ત્વજ્ઞાન" અને "કલ્યાણનો માર્ગ" એ ત્રણ ગ્રંથોમાંથી યથારૂચિવીણીને એકત્ર કરવામાં આવેલ છે. આ સામગ્રી શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન અને કવનનું થોડું નવનીત છે.

**૨. અધ્યાત્મ ગીતા**–રચયિતા યોગનિષ્ટ શાસ્ત્ર વિશારદ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી અને અવતરણકાર આચાર્ય મહારાજશ્રી ૠદ્ધિસાગરજી પ્રકાશક શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ ૬૪૭ કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨ કિંમત રૂા. ૧–૨૫.

પ્રસ્તુત પુસ્તિકા પૂ–ઉ. શ્રી યશોવિજયજી મ૦ના જ્ઞાનસાર અને અધ્યાત્મસારની જેમ જૈન ગીતા છે. તેમાં અધ્યાત્મ છલોછલ ભરેલું છે આ પુસ્તકનો અભ્યાસ એટલે જૈન ધર્મનો અભ્યાસ.

**૩. દાદાશ્રી જિનકુશળસૂરિ**–મૂળ હિંદી લેખક શ્રીમાન અગરચંદજી તથા ભંવરલાલજી નાહટા ગુજરાતી અનુવાદક મુનિશ્રી કાંતિસાગરજી પુસ્તક મળવાનું ઠેકાણું ગોપીપુરા શીતળવાડી ઉપાશ્રય સુરત કિંમત રૂા. ૦–૨૫

દાદાશ્રી ઉત્તમ ચારિત્રશીલ પુરુષ હતા ચારિત્રબળ સાથે તેમનામાં જ્ઞાન બળ પણ એવું જ ઉચ્ચ કોટિનું હતું. તેઓ સંસ્કૃત, પ્રાકૃત અને પ્રચલિત દેશી ભાષાઓ પર ભારે પ્રભુત્વ ધરાવતા હતા તેઓ ઉચ્ચ પ્રકારના કવિ પણ હતા.

**૪. યુગપ્રધાન શ્રી જિનદત્તસૂરિ**–હિંદી લેખકો અગરચંદજી તથા ભંવરલાલજી નાહટા ગુર્જર અનુવાદક દુર્લભકુમાર ગાંધી.

તેઓ મોટા દાદાના નામથી જૈન સમાજમાં સુપ્રસિદ્ધ છે. તેઓ અસામાન્ય સામર્થ્ય અને અપ્રતિમ પ્રતિભાના સ્વામી તેમજ ક્રાંતિકારી જૈનાચાર્ય હતા. મંત્ર વિજ્ઞાનમાં સૂરિજીની અજબ દૃષ્ટિ હતી. અખંડ અને ઉગ્ર સાધનાને પરિણામે સૂરિજીના શબ્દ માત્રમાં મંત્રનું સામર્થ્ય પ્રતીત થતું હતું.

**૫. મણિધારી શ્રી જિનચન્દ્રસૂરિજી**–હિંદી લેખકો અગરચંદજી તથા ભંવરલાલ નાહટા ગુર્જર અનુવાદક દુર્લભકુમાર ગાંધી.

તેઓ સુપ્રસિદ્ધ દાદા સંજ્ઞક ખરતરગચ્છના ચાર આચાર્યોમાં યુગ પ્રધાન શ્રી જિનદત્તસૂરિજીના શિષ્ય હતા. તેઓ ભારે પ્રતિભાશાળી વિદ્વાન અને પ્રભાવક આચાર્ય હતા. તેઓએ માત્ર છવ્વીસ વર્ષના અલ્પાયુસ જીવન કાર્યમાં જે કાર્ય સાધેલ છે તે ખરેખર આશ્ચર્યજનક અને ગૌરવપૂર્ણ છે.

**૬. પ્રશ્નોત્તર ચત્વારિંશત્ શતકઃ તપા–ખરતર ભેદ પ્રત્યુત્તર**–સંપાદક શ્રી બુદ્ધિસાગરગણી. કિંમત રૂા. પાંચ.

મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only